**મહાનગર સેવા સદન, જૂનાગઢ**
**વોટર વર્કસ શાખા**
**ટૂંકી મુદતની જાહેર નિવીદા**
**નં.૬૯/૨૦૨૧-૨૨**

વો.વ.જા.નં.૭૬ તા.૦૪/૦૫/૨૦૨૨

કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગર સેવાસદન, "સ્વામી વિવેકાનંદ ભવન" મનપા દ્વારા જુનાગઢ મહાનગરપાલિકા હદનો ભૂગર્ભ ગટર ઝોન-૮ અને ઝોન-૯ (વોર્ડ નં.૧૪ તથા ૧૫) ના જુદા જુદા વિસ્તારમાં નવી ભૂગર્ભ ગટર યોજનાના હાઉસ કનેક્શન ચેમ્બરમાં રહેવાસીઓના ઘરના ગટરના કનેક્શનના જોડાણ માટે જૂ.મ.ન.પા. દ્વારા પ્લંબરને ઓથોરાઇઝડ કરવાના થતા હોય, જે અર્થે જુનાગઢ મનપાના પ્લંબરનું ઓથોરાઇઝેશન મેળવવા માટે જુનાગઢ મનપા દ્વારા જાહેરાત બહાર પાડી અરજી મંગાવવામાં આવે છે. જે માટે સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયેથી નીચે જણાવ્યા મુજબની સંપૂર્ણ માહિતી બંધ કવરમાં દિવસ-૧૦ માં રજી.એડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂ જુનાગઢ મહાનગરપાલિકા, વોટર વર્કસ શાખા રૂમ નં.૧૧૯, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે મોકલવાની રહેશે. મુદત બાદની અરજી સ્વીકારવામાં આવશે નહીં. આ અંગેની વધુ વિગત માટે જરૂર જણાયે કાર્યપાલક ઇજનેરશ્રી, વો.વ., શાખા, (મો.નં.૯૪૨૬૦ ૨૭૯૨૧) જૂનાગઢ મહાનગર સેવા સદનનો ઓફીસ સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

અરજી સાથે (૧) નામ (૨) સરનામું (૩) કોન્ટેક નંબર (૪) એડ્રેસ પ્રુફ (૫) અભ્યાસના પ્રમાણપત્રો (૬) અનુભવના પ્રમાણપત્રો વિગેરેની સ્વપ્રમાણિત નકલો તથા સીકયોરીટી ડીપોઝીટ હાર્ડ કોપીમાં સબમીટ કરવાની રહેશે.

શરતો:-

- બંધ કવર ઉપર "પ્લંબીંગ ઓથોરાઇઝેશન અંગેની વિગતો" ખાસ દર્શાવવાનું રહશે.
- ઓથોરાઇઝડ પ્લંબરને ગટરના કનેકશનની કામગીરી માટે જૂ.મ.ન.પા. દ્વારા મંજુરી આપવામાં આવશે.
- ગટર કનેકશન માટે માન્ય થયેલ પ્લંબરે અરજદારશ્રીઓ પાસેથી અરસ-પરસની મંજુરી મુજબ મજુરી/માલ-સામાન લઇ ગટર કનેકશન આપવાનું રહેશે તથા તેનું રજીસ્ટર નિભાવી જૂનાગઢ મહાનગરપાલિકાને જરૂરી વિગતો સબમીટ કરવાની રહેશે.
- જૂનાગઢ મ.ન.પા. દ્વારા સદરહુ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવશે.
- જો કામગીરી દરમ્યાન કોઇ પ્લંબર દ્વારા જૂનાગઢ મ.ન.પા.ને જરૂરી માહિતી પુરી ન પાડયેથી અથવા અત્રેની કચેરીની સુચનાઓનો અમલ ન કર્યે થી તેનું ઓથોરાઇઝેશન રદ કરી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
- અરજી સાથે સિક્યુરિટી ડિપોઝીટ પેટે કમિશ્નરશ્રી, જૂનાગઢ મહાનગરપાલિકાના નામનો રૂ.૫૦૦૦ નો ડીડી/ એફ.ડી.આર. રજૂ કરવાનો રહેશે.
- પ્લબરને ઓથોરાઇઝેશન આપવા અંગેના નિર્ણય અર્થેની આખરી સત્તા કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલીકાની રહેશે.
- ઓથોરાઇઝેશનની મુદત માસ-૧૨ (બાર) ની રહેશે. જેની સમય મર્યાદા વધારી/ઘટાડી શકાશે. જેનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી, જૂ.મ.ન.પા.ને રહેશે.

(સહી: અવાચ્ય)
કમિશ્નર
મહાનગર સેવા સદન, જૂનાગઢ.

Executive Engineer
Water Works Department
Junagadh Municipal Corporation